વિદેશ અને કાપડ રાજ્ય મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટાની સમોઆ અને નાઓએરોની મુલાકાત (16-22 ઑક્ટોબર 2026)

વિદેશ અને કાપડ રાજ્યમંત્રી [એમઓએસ (પીએમ)], શ્રી પબિત્રા માર્ગેરિટાએ 16 થી 22 ઑક્ટોબર 2026 દરમિયાન સ્વતંત્ર રાજ્ય સમોઆ અને નાઓએરો ગણરાજ્યની સત્તાવાર મુલાકાત લીધી હતી.

2. સમોઆની મુલાકાત દરમિયાન, એમઓએસ (પીએમ)નું સમોઆના પ્રધાનમંત્રી, માનનીય લાઅઉલિયાલેમાલિએટોઆ લેઉઆટેઆ પોલાતાઇવાઓ ફોસી સ્મિથ અને તેમના મંત્રીમંડળના સભ્યો દ્વારા પરંપરાગત 'આવા સમારોહ' સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એમઓએસ (પીએમ)એ પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી અને ક્ષમતા નિર્માણ, ડિજિટલ વિકાસ, જળવાયુ સ્થિતિસ્થાપકતા, આર્થિક જોડાણ અને બહુપક્ષીય મુદ્દાઓ પર સહયોગ અંગે ચર્ચા કરી હતી.

3. એમઓએસ (પીએમ) અને સમોઆના પ્રધાનમંત્રીએ સેનેસે પ્રોજેક્ટના અમલીકરણ અંગે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા, જેનો હેતુ શિક્ષણ, આરોગ્ય સંભાળ અને વ્યાવસાયિક તાલીમની વધુ સારી પહોંચ દ્વારા બાળકો અને દિવ્યાંગ વ્યક્તિઓના સમાવેશ અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

4. સમોઆના પ્રધાનમંત્રીએ એમઓએસ (પીએમ)ના સન્માનમાં સત્તાવાર ભોજન સમારંભનું પણ આયોજન કર્યું હતું. એમઓએસ (પીએમ) એ સમોઆમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી હતી.

5. ઑકલેન્ડની તેમની ટ્રાન્ઝિટ મુલાકાત દરમિયાન, એમઓએસ (પીએમ)એ ભારત ન્યૂઝીલેન્ડ બિઝનેસ કાઉન્સિલ (આઇએનઝેડબીસી) દ્વારા તેમના સન્માનમાં આયોજિત એક વ્યાવસાયિક સંવાદમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ટેક્સટાઇલ અને ફેશન ક્ષેત્રોના પ્રતિનિધિઓ દ્વિપક્ષીય સહયોગ માટેની તકો પર ચર્ચા કરવા માટે એકસાથે આવ્યા હતા. માનનીય માર્ક મિશેલ, વંશીય સમુદાયોના મંત્રી અને ન્યૂઝીલેન્ડના રમતગમત અને મનોરંજન મંત્રી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એમઓએસ (પીએમ)એ દુર્ગા પૂજા ઉજવણીમાં પણ ભાગ લીધો હતો અને ભારતીય સમુદાયના સભ્યો સાથે અલગથી વાતચીત કરી હતી.

6. નાઓએરોની મુલાકાત દરમિયાન, એમઓએસ (પીએમ)એ નાઓએરો ગણરાજ્યના રાષ્ટ્રપતિ મહામહિમ ડેવિડ ડબ્લ્યુ. આર. એડિયાંગ સાથે મુલાકાત કરી હતી અને નાઓએરોની સંસદના અધ્યક્ષ માનનીય માર્કસ સ્ટીફન સાથે અલગથી મુલાકાત કરી હતી. આ ચર્ચાઓ દ્વિપક્ષીય સહયોગ, સંસદીય આદાન-પ્રદાન અને ક્ષમતા નિર્માણને મજબૂત બનાવવા પર કેન્દ્રિત હતી.

7. એમઓએસ (પીએમ)એ ઇન્ડિયન ટેક્નિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન (આઇટીઇસી) અને ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (આઇસીસીઆર) કાર્યક્રમોના ભૂતપૂર્વ સહભાગીઓ તેમજ ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાર્તાલાપ કર્યો હતો અને ભારત-નાઓએરો સંબંધોને મજબૂત બનાવવામાં તેમના યોગદાનને બિરદાવ્યું હતું.

8. એમઓએસ (પીએમ)એ તેમની મુલાકાત નિમિત્તે આયોજિત અને ભારતના ક્વિક ઇમ્પેક્ટ પ્રોજેક્ટ (ક્યૂઆઇપી) ના ભાગરૂપે 'સાયકલિંગ ફોર અ સ્ટ્રોંગર નાઓએરો', એક મિની-સાયકલિંગ કાર્યક્રમને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી, જેનો ઉદ્દેશ્ય સાઇકલિંગ દ્વારા સ્થાનિક ખેલાડીઓનો વિકાસ કરવાનો અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે મુલાકાત દરમિયાન તેમની સંલગ્નતાના ભાગ રૂપે નાઓએરોની સાર્વજનિક હૉસ્પિટલ અને ફૉસ્ફેટ-માઇનિંગ સાઇટ્સની મુલાકાત લીધી હતી.

9. એમઓએસ (પીએમ)ની આ મુલાકાતે વિકાસ સહકાર, ક્ષમતા નિર્માણ અને લોકોથી લોકો વચ્ચેના પરસ્પર આદાનપ્રદાન દ્વારા તેમજ ભારત-પેસિફિક આઇલેન્ડ્સ કોઓપરેશન (એફઆઇપીઆઇસી) માટે ફોરમના માળખા હેઠળ સમોઆ અને નાઓએરો સાથેની પોતાની ભાગીદારીને મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. ભારત પેસિફિક ટાપુના દેશો સાથે તેમની રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ અને પ્રદેશની સહિયારી આકાંક્ષાઓના સમર્થનમાં નજીકથી કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

નવી દિલ્હી

23 ઑક્ટોબર, 2026